| PUBLICATION NAME : | Divya Bhaskar |
|---|---|
| EDITION : | City Bhaskar (Ahmedabad) |
| DATE : | 17/01/24 |
| PAGE : | 9 |

**CAMPUS EVENT** સ્ટાર્ટઅપ વિશે ડૉ. સુનિલ શુક્લાએ જણાવ્યું કે,

# 3 વર્ષથી ગુજરાત સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઇકોસિસ્ટમ રેન્કિંગમાં પ્રથમ નંબરે છે

**અમદાવાદ :** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ સ્ટાર્ટઅપ ડેનું સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશનરેટ ડિરેક્ટર આઈએએસ પી બી પંડ્યા, ગ્રોથ 91ના ફાઉન્ડર જિમિષ કાપડિયા, લિમ્ફોન બાયોલોજિક્સના કો-ફાઉન્ડર અને ચીફ સાયન્ટિફિક ઓફિસર નીલેશ પટેલ તેમજ ઈડીઆઈઆઈના ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનના ડિરેક્ટર ડો. સત્ય રંજન આચાર્યએ હાજરી આપી હતી.

આ ઈવેન્ટ ઈડીઆઈઆના એન્યુઅલ આંત્રપ્રિન્યોરશિપ ફેસ્ટિવલ એમ્પ્રેસારિયોનું કર્ટન રેઝર પણ હતી. એમ્પ્રેસારિયોની 2024ની થીમ ટેક ઈનોવેશન ફોર સસ્ટેનેબલ ફ્યુચર રાખવામાં આવી છે. આ વિશે વાત કરતા સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, 'ગુજરાત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ માટે જાણીતું છે. રાજ્યમાં રજિસ્ટર્ડ સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતે સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈકોસિસ્ટમ રેન્કિંગમાં પહેલો નંબર જાળવી રાખ્યો છે. તેમજ સાનુકૂળ નીતિઓ, યોજનાઓ અને અનેક ફંડિંગ વિકલ્પો ઉપલબ્ધ છે ત્યારે હું યંગસ્ટર્સને તેમના ઈનોવેટિવ આઈડિયા સાથે આગળ આવવા અને તેનો અમલ કરવા માટે વિનંતી કરું છું.' ડૉ. આચાર્યે ભારતમાં અને ગુજરાતમાં વધી રહેલા સ્ટાર્ટઅપ્સ વિશેની માહિતી આપી હતી. ઈવેન્ટમાં આંત્રપ્રિન્યોર્સને માર્ગદર્શન આપવા માટે સ્પીકર સેશન્સ, પિચ ડેક, ડેમો ડે અને એલ્યુમની ઈન્ટરેક્શન તેમજ સ્ટ્રેસ ઈન્ટરવ્યૂઝ, એડ-મેડ શૉ, ટ્રેઝર હંટ જેવી એક્ટિવિટી પણ યોજાઈ હતી. ઈવેન્ટમાં 250થી વધારે સ્ટુડન્ટ્સ, સ્ટાર્ટઅપ્સ અને આંત્રપ્રિન્યોર્સે ભાગ લીધો હતો. ઉપરાંત 25 પાર્ટિસિપન્ટ્સે તેમના બિઝનેસ આઈડિયાઝને ઈન્વેસ્ટર પેનલને પિચ કર્યા હતા.

## પિચ ડેક, એલ્યુમની ઇન્ટરેક્શન, સ્ટ્રેસ ઇન્ટરવ્યૂ જેવી એક્ટિવિટી પણ યોજાઈ





**1. જિમિષ કાપડિયા** - આંત્રપ્રિન્યોર્સે પૂરા આત્મવિશ્વાસ સાથે તેમના આઈડિયા પર કામ કરવું જોઈએ.

**2. નીલેશ પટેલ** - આંત્રપ્રિન્યોરશિપની સફર સરળ નથી હોતી. યંગસ્ટર્સને વિનંતી છે કે મોટા સ્વપ્નો, સમજદારી, ચપળતા તથા શાણપણ સાથે આગળ વધે.

**3. પી બી પંડ્યા** - આજનો સમય ઈનોવેટર્સ અને ઈનોવેશન્સનો છે. યંગસ્ટર્સે આ તકોનો લાભ લેવો જોઈએ. મેન્ટરશિપ, ઈન્ક્યુબેશન, ફંડિંગ કે અન્ય કોઈપણ સપોર્ટ તેમને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાંથી મળી રહેશે.